અહીં આપેલ સમાચારો આપના લોકપ્રિય સામયિકમાં પ્રસિદ્ધ કરવા માટે છે...


विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર

કેવળ પત્ર-પત્રિકાઓ માટે



૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com



વર્ષ : ૪ અંક : ૮૪ દિનાંક : ૧૫.૯.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી


## શિકાગોમાં યોજાયેલી બીજી વિશ્વ હિન્દુ કોંગ્રેસમાં આરએસએસના વડા મોહન ભાગવતનો સંદેશ

અમેરિકાના શિકાગોમાં યોજાયેલ ત્રીદિવસીય બીજી વિશ્વ હિન્દુ કોંગ્રેસમાં આરએસએસના વડા મોહન ભાગવતે અઢી હજાર શ્રોતાને સંબોધતાં મનનીય પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે સિંહ જ્યારે એકલો હોય ત્યારે જંગલી કૂતરા પણ તેનો શિકાર કરી નાખે છે. હિન્દુઓ હજારો વર્ષોથી શોષણનો ભોગ બની રહ્યાં છે છતાં તેઓ એક થતા નથી. આ સમાજમાંથી સૌથી વધુ પ્રભાવશાળી લોકો વિશ્વને મળ્યા છે. અને હાલમાં પણ તેમની શક્તિનો પરચો બધાને મળી રહ્યો છે. અમે દુનિયાને સારી બનાવવા માગીએ છીએ નહિ કે તેના પર વિજય કે સામ્રાજ્ય જમાવવા માગીએ છીએ. સમગ્ર વિશ્વ ઐક્ય માટે વિશ્વના દેશોએ અહંકારને ભૂલવો પડશે. વિશ્વના દેશોએ સર્વસંમતિનો અને સર્વેને સ્વિકારવાની હિન્દુ પરંપરાને અનુસરવું પડશે. તેમણે વધુમાં કહ્યું કે હિન્દુ ધર્મમાં તો એક જંતુને પણ મારવામાં નથી આવતું. અમે કોઈનો વિરોધ કરતા નથી પણ અનેક લોકો અમારો વિરોધ કરે છે. પણ હિન્દુ સમાજે આવા લોકો સાથે સૂઝબૂઝથી કામ લેવું પડશે.

આ કાર્યક્રમની પૂર્ણાહુતિમાં પ્રસાદના જે બે લાડુ અપાયા હતા તેમાં એક નરમ લાડુ જ્યારે બીજો કઠણ લાડુ હતો. આ પ્રસાદમાં પણ હિન્દુઓને એક થવા માટેનો ઉપદેશ હતો. નરમ લાડુમાં ઉપદેશ હતો કે જો હિન્દુ નરમ રહેશે તો સહેલાઈથી તૂટી જશે. જ્યારે કઠણ લાડુમાં ઉપદેશ હતો કે હિન્દુઓએ કઠણ બનવાની જરૂર છે જેથી તેઓ તૂટી ન જાય. અત્રે યાદ રહે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હિન્દુઓને થતા અન્યાય તથા શોષણ માટે હિન્દુઓને એક થવાનો સંદેશો આપે છે. દેશ તથા વિશ્વના કલ્યાણનો એકમાત્ર ઉપાય હિન્દુત્વ વિચારધારા જ હોવાનું સંઘનું સ્પષ્ટ માનવું છે. વિશ્વકલ્યાણ માટે નવ દાયકાથી સંઘ હિન્દુજીવન પદ્ધતિને કલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ હોવાનો પ્રચાર-પ્રસાર કરે છે.

## ફિલ્મોના પ્રચાર માટે ડિજિટલ માધ્યમમાં ફિલ્મના બજેટમાં ધરખમ વધારો : અગાઉ પંદર ટકા હતો જે વધીને ૩૦ થી ૪૦ ટકા થયો.

ફિલ્મોના પ્રચાર-પ્રસાર માટે ટી.વી. તથા વર્તમાનપત્રો અને હોર્ડિંગ મુખ્ય હતા પણ સમય બદલાતાં હવે ડિજિટલ માધ્યમો મુખ્ય બનતા જાય છે. ફિલ્મના બજેટમાં ડિજિટલ માધ્યમો માટે મોટી રકમ ફાળવવામાં આવે છે. કારણ કે મોબાઈલ, યુ-ટ્યૂબ, ટ્વિટર પર ફિલ્મોના પ્રચાર-પ્રસારથી ફિલ્મની લોકપ્રિયતા વધવાનું માલુમ પડ્યું છે. હવે ટીવી કે લેખન સામગ્રીનું મહત્વ ઘટ્યું હોવાનું તારણ મળ્યું છે. ફિલ્મ દર્શક અને ચાહકોનો મોટો વર્ગ હવે ડિજિટલ માધ્યમ તરફ આકર્ષાયો છે.

## દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદની જન્મભૂમિમાં અદ્દભૂત પરિવર્તન કેમ્પ

બિહારના સિવાન શહેરથી ૧૮ કિ.મી. દૂર દેશના પ્રથમ

રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદની જન્મભૂમિ જીરાદેઈએ સમાચાર માધ્યમોનું ધ્યાન ખેંચ્યું છે. આ ગામ નરેન્દ્રપુરથી પણ ઓળખાય છે. ૧૦ વર્ષ પહેલાં અહીં લોકોને રોજી-રોટી માટે આ ગામ છોડવા સિવાય વિકલ્પ ન હતો. ગામમાં દરેકને રોજગાર માટે વલખાં મારવા પડતાં. પણ ૨૦૦૯થી લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી અભ્યાસ કરીને આવેલ સેતિકા સિંહાએ ગામમાં ૮ એકરની જમીનમાં પેવર્તન કેમ્પ શરૂ કરીને ગામની શકલ બદલી નાખી છે. આ કેમ્પમાંથી આસપાસના ૩૬ ગામના ૫૦૦૦ લોકોને રોજગારી મળી છે. અહીં મહિલાઓ અને પુરુષોને કોઈને કોઈ કૌશલ્ય શીખવવામાં આવે છે. બહેનોને સીવણ, ખેડૂતોને આધુનિક ખેતી, બાળકો માટેના સ્કૂલ યુનિફોર્મ તૈયાર કરવા માટેના કાપડનું નિર્માણ વગેરે પ્રવૃત્તિઓથી આ કેમ્પ ધમધમે છે. ૧૦૦ મહિલાઓ પાંચ-પાંચ કલાકની શિફ્ટમાં કામ કરે છે. પરિવર્તન કેમ્પમાં વિવિધ કૌશલ્યોની ૩ હજારથી વધુ પુસ્તકોની સમૃદ્ધ લાયબ્રેરી છે. ૪૪ આંગણવાડી સેન્ટરો પણ છે. અહીં ૧૦૦થી વધુ લુમ છે. એમાં સાડી, રૂમાલ, ચાદર વગેરે હેન્ડલૂમથી તૈયાર થાય છે. આ વર્ષથી નરેન્દ્રપુર ગામ તથા તેની આસપાસના ગામોને સંપૂર્ણ રોજગારી મળે તથા સ્વદેશી ઉત્પાદન થકી ગ્રામ-સુરાજ્યના પ્રયત્નો શરૂ થાય છે. સેતિકા સિંહાએ પરિવર્તન કેમ્પ માટે લોકોના સહકારની સરાહના કરી છે.

## શહેરી વિસ્તારમાં પચ્ચીસ ટકા જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ ટકા વ્યક્તિઓ હાઈ બ્લડપ્રેશરથી પીડાય છે તેનો ઉપાય ભારતીય તેજાના.

એક સર્વેક્ષણ મુજબ દેશમાં હાઈબ્લડ પ્રેશર (લોહીનું ઊંચું દબાણ)થી લોકો પીડાય છે. આ દર્દનું પ્રમાણ ગામડાઓ કરતાં શહેરમાં વધુ જોવા મળે છે. શહેરમાં પચ્ચીય ટકા જ્યારે ગામડાંઓમાં પંદર ટકાનું પ્રમાણ છે. બ્લડ પ્રેશરના ઉપચાર માટે હાલમાં ઘણી વિદેશી એલોપથી દવાઓ શોધાઈ છે. પણ હાલમાં વૈજ્ઞાનિકોને ભારતીય રસોડામાં વપરાતા તેજાના સૌથી સારી ઔષધ હોવાનું માલુમ પડ્યું છે. આ તેજાનાના નિયમિત સેવનથી શરીરમાં લોહીનું ભ્રમણ નિયમિત દબાણથી થાય છે. સંશોધનોએ જણાવ્યું છે 'વેન્તામારાઈ ચૂર્ણ' જે એલચી, આદુ, જીરૂં વગેરે તેજાનાથી બનાવાયું છે. તે હાઈબ્લડપ્રેશર માટે ઉત્તમ ઔષધ છે.

## IIT - ગાંધીનગર દેશનું સૌથી પ્રથમ આકર્ષક ગ્રીન કેમ્પસ

'ગ્રીન રેટિંગ ફોર ઇન્ટીગ્રેટેડ હેબિટેટ એસેસમેંટ ફોર લાર્જ ડેવલોપમેન્ટ્સ (GHIRA)' દેશની IIT (ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી)-કોલેજ કેમ્પસને તેના બાંધકામ તથા માસ્ટર પ્લાન માટે ગ્રીન બિલ્ડીંગ રેટિંગ આપે છે. આ સર્વેક્ષણમાં GHIRAએ ગાંધીનગરની IITને દેશનાં સર્વશ્રેષ્ઠ પ્રથમ ક્રમના ગ્રીન કેમ્પસનો એવોર્ડ આપ્યો છે. આ સંસ્થાને સંપૂર્ણ પાંચ સ્ટાર મળ્યા છે. કોલેજમાં વૃક્ષારોપણ, વૉટર હાર્વેસ્ટિંગ, વૉટર રિસાયકલીંગ, સોલાર વૉટરહીટર તથા બાયોગેસ પ્લાન્ટના પાંચ રેટીંગની તપાસમાં સમિતિ ખૂબ જ પ્રભાવિત થઈ હતી. આ પાંચે રેટીંગમાં આ કોલેજ ભારતમાં પ્રથમ આવી છે. ગુજરાત તથા દેશના શિક્ષણપ્રેમીઓએ આ કેમ્પસની મુલાકાત લેવા જેવી છે. આ સિદ્ધિમાં કોલેજના પ્રોફેસર તથા વિદ્યાર્થીઓનો ફાળો મહત્વનો છે.

## ૧૫૦મી ગાંધી જયંતી પહેલાં અમદાવાદને દેશનું સૌથી ક્લિન સિટી બનાવવું છે - અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નર વિજય નહેરાનો વિશ્વાસ

અમદાવાદમાં હમણાં યંગ થિન્કર્સ કોન્ફરન્સ યોજાયેલ હતી. તેમાં મ્યુનિસિપલ કમીશ્નર વિજય નહેરાએ અમદાવાદ વાસીઓને મહત્વનું સૂત્ર આપ્યું હતું. 'રોકો અને ટોકો'. શહેરમાં કચરો ફેંકનાર કે ગંદકી ફેલાવનારને ટેકવાથી તથા રોકવાથી શહેરની સ્વચ્છતા માટે ધાર્યું પરિણામ લાવી શકાશે. જો શહેરવાસીઓ અને વહીવટીતંત્ર આ અંગે નિષ્ઠાથી ઝુંબેશ ઉપાડે તો અમદાવાદને ૧૫૦મી ગાંધી જયંતિ પહેલા દેશના સૌથી ક્લિન સિટી બનાવી શકીએ તેવો વિશ્વાસ શ્રી નહેરાએ વ્યક્ત કર્યો હતો. દેશમાં ચાલતા સ્વચ્છતા અભિયાનમાં

દેશવાસીઓ માટે પણ શ્રી નહેરાનું આ સૂત્ર કામયાબ નિવડી શકે તેમ છે.

## આપણે આપણી માતૃભષાના શબ્દો ગુમાવી રહ્યા છીએ.
## - ડૉ. મનમોહન વૈદ્ય (સહ સરકાર્યવાહ-RSS)

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક તથા અધિકારીગણ સમગ્ર ભારત દેશમાં પ્રવાસ કરતા હોય છે. આવાજ એક પ્રવાસના અનુભવને આધારે સંઘના સહ સરકાર્યવાહ ડૉ. મનમોહન વૈદ્યે તારણ કાઢ્યું છે દેશના લોકો પોતાના વ્યવહારમાં માતૃભાષાનો પ્રયોગ કરતા નથી. તેના માઠાં પરિણામ જોવા મળ્યા છે. બાળકોમાં માતૃભાષાનો પ્રેમ ઘટે છે. તેમણે એક પરિવારમાં ભોજન લેતાં જણાવ્યું કે 'ભોજન બહુત સ્વાદિષ્ટ બના હૈ.' વળતી વેળાએ નમસ્કાર કરીને સ્વાદિષ્ટ શબ્દ પ્રયોગ વિષે પૂછતાં પરિવારની દિકરીને સ્વાદિષ્ટનો અર્થ જ સમજાયો નહિ. તેને 'ટેસ્ટી' શબ્દનો જ અર્થ સમજાય છે. દેશના પ્રવાસ દરમિયાન ભાષાના મહત્વમાં ડૉ. મનમોહન વૈદ્યએ જણાવ્યું કે શક્ય હોય ત્યાં સુધી બાળકો સાથે માતૃભાષામાં વાર્તાલાપ કરવો જોઈએ. ત્યારબાદ રાષ્ટ્રભાષા હિન્દીનો જ પ્રયોગ કરવો જોઈએ. નિરર્થક અંગ્રેજી શબ્દોનો પ્રયોગ કરવાથી બાળકોમાં વતન પ્રેમની ભાવના ઉજાગર કરી શકાતી નથી. આપણા દેશમાં 'માતૃભાષા દિવસ', 'રાષ્ટ્રભાષા હિન્દી દિવસ' એવા ઘણા ઉત્સવો મનાવાય છે પણ હજુ આપણા લોકોમાંથી અંગ્રેજીનો મોહ છૂટતો નથી. જ્યારે વિશ્વના દેશો એક મંચ પર છે ત્યારે જરૂર જણાય ત્યાં અંગ્રેજી ભાષાના માધ્યમથી જ્ઞાનનું આદાન-પ્રદાન સ્વાભાવિક-સહજભાવથી થાય તે આવશ્યક છે. પણ તેના ભોગે વતનપ્રેમની આહુતિ ન અપાય.

## દેશના ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાની કથળતી સ્થિતિ MBBSના વિદ્યાર્થીઓ બોન્ડ તોડે છે.

દેશની મેડિકલ કોલેજમાં MBBSના શિક્ષણ માટે પ્રવેશ મેળવતા છાત્રોને ૧ વર્ષ માટે ગ્રામ્ય-વિસ્તારમાં સેવાઓ આપવાનું બોન્ડ આપવું પડે છે. જો બોન્ડનું પાલન ન થાય તો MBBS કર્યા પછી પાંચ લાખ ચૂકવવા પડે છે. આ બોન્ડ તોડનારની સંખ્યા દેશમાં વધી રહી છે. તેથી દેશના ગ્રામીણ વિસ્તારમાં ડૉક્ટર્સનો અભાવ વર્તાય છે. પરિણામે ત્યાં આરોગ્ય સેવાની સ્થિત કથળી છે. ડૉક્ટર્સનું માનવું છે કે ગ્રામિણ વિસ્તારની હૉસ્પિટલ્સ જે સરકારી હોય કે ખાનગી હોય છે તેમાં અદ્યતન સાધનોનો અભાવ છે. તેથી તેઓ યોગ્ય નિદાન તથા સારવાર કરી શકતા નથી. ગ્રામ્ય વિસ્તારમાં ત્યાંની ગ્રામીણ પ્રજાનો પણ તેમને ડર સતાવે છે કે દર્દીઓની ભૂલ તથા બેકાળજી હોવા છતાં માઠા પરિણામનો ટોપલો ડૉક્ટર્સ પર ઢોળવામાં આવે છે. ગુજરાત રાજ્યની સ્થિતિ જોતાં ૨૦૧૭માં ૭૧૦ ડૉક્ટર્સ ઉત્તીર્ણ થયા હતા જેમાંથી માત્ર ૧૬૪ ડૉક્ટર્સ ગામમાં સેવા આપવા તૈયાર હતા જ્યારે ૫૪૬ ડૉક્ટર્સે બોન્ડ તોડ્યું હતું. છેલ્લા ત્રણ વર્ષમાં માત્ર ગુજરાતમાં જ ૨ હજાર ડૉક્ટર્સે બોન્ડ તોડ્યું છે. આવી સ્થિતિ નજીકના રાજ્યો મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ જોવા મળે છે. કેન્દ્ર સરકારે આ માહિતી આપી છે. પમ સરકારે કબ્લુયં છે કે ગ્રામ્ય વિસ્તારમાં હવે પરિસ્થિતિ સુધરી છે. ગ્રામ્ય વિસ્તારની હૉસ્પિટલ્સને પણ અદ્યતન સાધનોથી સજ્જ કરવાથી બોન્ડ તોડનારની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળ્યો છે. અગાઉના વર્ષો કરતાં હાલની સ્થિતિ સુધરી હોવાનું કેન્દ્રની સ્વાસ્થ્યમંત્રાલયે નોંધ્યું છે.

## દેશમાં સ્વચ્છતા મીશન પાર્ટ-૨નો પ્રારંભ

'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત'ના મંત્ર સાથે દેશમાં સ્વચ્છતા અભિયાનની શરૂઆત થઈ હતી. તેના પ્રથમ તબક્કામાં સારાં પરિણામ મળ્યા હતા. જાહેરમાં શૌચ, ગંદકી તથા કચરાનો નિકાલ, જાહેર સ્થળોએ ધુમ્રપાન, જેવી અનેક આરોગ્યને લગતી ઝુંબેશ શરૂ થઈ હતી. હવે તા. ૧૫-૯-૧૮થી તા. ૨-૧૦-૧૮ ગાંધીજયંતિ સુધીના દિવસોમાં દેશમાં સ્વચ્છતા અભિયાન પાર્ટ-૨ની શરૂઆત થઈ છે. ૪ વર્ષમાં નવ કરોડ શૌચાલયો થયાં છે તેની સ્વચ્છતા પર ભાર મૂકાયો છે. સ્વચ્છતાના કારણે ડાયેરિયા (ઝાડા-ઉલ્ટી)ના કેસોમાં ૩૦ ટકાનો ઘટાડો માલૂમ પડ્યો છે તેથી માંદગીથી બચવા સ્વચ્છતા અભિયાન મહત્વનું હોવાનો પ્રચાર પ્રસાર શરૂ થયો છે. રતનટાટા, ફિલ્મ કલાકાર અમિતાભ બચ્ચન, દેશના

ધાર્મિક સંસ્થાઓના વહીવટદારો, વ્યાપારી વર્ગ, કોલેજના છાત્રો, ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના નાગરિકો દ્વારા સ્વચ્છતા અંગેની લોકોમાં સભાનતા લાવવાના પ્રયત્નો થયા છે. ઉદ્યોગપતિઓ તથા મોટા કરદાતાઓ પણ આ અંગે દેશને આર્થિક મદદ કરે છે. રતન ટાટાએ સ્વચ્છતા અભિયાન માટે ૧૦૦ કરોડ રૂપિયાની સખાવત કરી છે. આ સ્વચ્છતા અભિયાનમાં દેશનો દરેક વર્ગ શ્રમદાન કરે તેવો આગ્રહ છે. મોટા શહેરમાં પણ સ્વચ્છતા અભિયાન માટે લોકો પાસે ઘર દીઠ દિવસનો માત્ર એક રૂપિયો ટેક્સ તથા કલાકનું શ્રમદાન સેવામાં આપવાનો આગ્રહ છે. આ સ્વચ્છતા અભિયાનની શરૂઆતમાં બહેનોએ જે સહકાર આપ્યો હતો તે ચાલુ રહે અને ઉત્તરોત્તર તેમાં સૌનો સાથ મળે તેવો સંદેશ પ્રધાનમંત્રી તથા દેશના સર્વેક્ષેત્રોના મહાજનોએ દેશવાસીઓને આપ્યો છે. ગાંધીજીના જન્મદિવસ રેંટિયાબારસ બીજી ઓક્ટોબર સુધીમાં દેશ 'સ્વચ્છ અને સ્વસ્થ' બને તે મંત્રને સાકાર કરવા સૌનો સાથ અનિવાર્ય છે.

## કાશ્મીરમાં ગવર્નર રૂલ પછી આતંકવાદીઓના સફાયામાં લશ્કરને મળેલી ભારે સફળતા

આતંકવાદ મુક્ત કાશ્મીર, સુખી અને સમૃદ્ધ કાશ્મીરના મીશન સાથે વર્તમાન કેન્દ્ર સરકાર કાશ્મીરમાં શાંતિ સ્થાપવા કટીબદ્ધ છે. કાશ્મીરમાં શાંતિ સ્થાપવા તથા આતંકવાદીઓના સફાયા માટે કાશ્મીરની મિશ્ર સરકાર વિફળ જતાં હવે કાશ્મીરમાં ગવર્નર રૂલ ચાલે છે. અહીં લશ્કરને સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે તેથી લશ્કરે આતંકવાદીઓની શોધખોળ શરૂ કરી છે. આતંકવાદીઓની ભૂમિકાને તથા તેમના આતંકને ધ્યાનમાં લઈ લશ્કરે તેમનો A, B, A+, A++, A+++ જેવી કેટેગરીમાં વિભાજીત કર્યા છે. તેમનું લીસ્ટ બનાવ્યું છે. તેમના વિસ્તારો બારમુલા, સોપિયા, કુલગામ, સોપોર, કકરલિયાર, અનંતનાગ વગેરેમાં તેમને શરણ આપનાર દેશદ્રોહી કાશ્મિરીઓને પણ લલકાર્યા છે. લશ્કરને શરણે થવા આદેશો અપાયા છતાં અહીં શાંતિ સ્થપાતી નથી. દેશમાં ચાલતા સ્વચ્છતા અભિયાનની સાથે કાશ્મીરમાં પણ આતંકવાદીઓનો સફાયો કરવાનું મીશન સેનાએ ઉપાડ્યું છે. એકાદ-બે માસમાં આતંકવાદ મુક્ત કાશ્મીર બને તથા ત્યાં સ્થાનિક પંચાયતની ચૂંટણીઓ યોજાય તેવી તડામાર તૈયારીઓ ગવર્નર રૂલમાં ચાલી રહી છે.

## ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આઈઆઈએમ-અમદાવાદમાં શિક્ષણના પાઠ ભણાવશે.

દેશની આઈઆઈએમ (ઇન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ) સંસ્થાઓના અભ્યાસક્રમમાં 'પબ્લિક પોલીસી ફોર નિકલ્યુઝિવ ડેવલોપમેન્ટ ઓફ ઇન્ડિયા' વિશે કોર્સ ચાલે છે. આ કોર્સમાં ૨૨ સેશન હોય છે. હવે આઈઆઈએણ અમદાવાદની શૈક્ષણિક સંસ્થામાં આગામી દિવસોમાં આ ૨૨ સેશનમાંથી ૧૨ સેશન ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી લેશે અને વિષયને અનુરૂપ શિક્ષણના પાઠ ભણાવશે. જેના ભાગરૂપે શ્રી મુખર્જી આગામી ૧૮-૧૯ સપ્ટેમ્બરે આઈઆઈએમ-અમદાવાદના મહેમાન પણ બનશે. આ વિષયના બાકીના સેશન ચેરપર્સન વિજય શેરીનંદ અને પ્રોફેસર અનિલ ગુપ્તા લેશે. અત્રે યાદ રહે કે દેશની આઈઆઈએમ સંસ્થાઓમાંથી શિક્ષણ મેળવેલ ઘણા 'મેનેજમેન્ટ ગુરૂ' ભારતને મળ્યા છે તથા આ સંસ્થાના વિદ્યાર્થીઓની વિદેશોમાં પણ ભારે માગ હોય છે.

## ઇંગ્લેન્ડમાં ભારતીય મૂળના શીખ સમુદાયનું શક્તિ પ્રદર્શન 'ભારત માતા કી જય'ના નારા ગુંજ્યા

ઇંગ્લેન્ડના ટ્રસ્ફલગર સ્કેવર (Trasfalgar Square) વિસ્તારમાં ભારતીય મૂળના શીખ સમુદાયે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય શીખોના હિતમાં નારા લગાવ્યા હતા. 'વંદે માતરમ્', 'ભારત માતા કી જય', 'સત શ્રી અકાલ', 'ગુરુ નાનકદેવ કી જય', 'વાહેગુરુ રક્ષા કરો', 'ચક દે ઇન્ડિયા' જેવા નારાથી સમગ્ર વિસ્તાર ગાજી ઉઠ્યો હતો. લંડનના મહારાષ્ટ્ર મંડળે ઢોલ, નગારા, વાજિંત્રો વગાડીને નેશનલ ફૂટપાથ આ શક્તિ પ્રદર્શનને ગુંજવ્યું હતું. યુવાન શીખોએ સખત રીતે ખાલીસ્તાનનો વિરોધ કર્યો હતો. આ શક્તિ પ્રદર્શનમાં લંડનના સ્થાનિક હિન્દુસંગઠનો પણ જોડાયા હતા. અહીં મોટી સંખ્યામાં ઉપસ્થિત શીખ યુવાનોએ ભારત દેશ અને સનાતન હિન્દુ ધર્મની પ્રશંસા કરી હતી. સમગ્ર વિશ્વમાં હિન્દુત્વ માટે શીખ યુવાનો તથા શીખ ગુરુઓની બલિદાન ગાથાઓના સાહિત્યથી બ્રિટિશ નાગરિકો પણ પ્રભાવીત થયા હતા.

* * *